## ઈડરના મે. અડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર

**<u>ક્રિ.કે.નં. ૨૭૮૬/૨૦૨૫</u>**

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂઘ્ઘ

આરોપી : સંદીપકુમાર ધર્મેન્દ્રભાઈ ભોઈ
રહે. ભોઈવાડા, તા. ઈડર, જિ. સાબરકાંઠા

### ગુન્હો :– જુગાર ધારાની કલમ : ૧૨ (અ)મુજબ

### –: ઠરાવ :–

૧. હાલના કેસની વિગત એવી છે કે :–

તમો આરોપીએ:–તમો આરોપીઓએ તા. ૦૪/૦૯/૨૦૨૫ ના રોજ કલાક–૧૨:૩૦ વાગે મોજે ઈડર મહીલા કોલેજ આગળ રોડની બાજુમા ખુલ્લી જગ્યામા પોતે ગે.કા. રીતે વરલી મટકાનો જુગાર રકમી રમાડી જુગારના કુલ રોકડ રૂ. ૫૨૦/– તથા એક વાળી પેન કિ.રૂ. ૦૨/૦૦ તથા હારજીતના જુગારના આંકડા લખેલ એક ડાયરી જેની કિ.રૂ. ૦૦:૦૦ એમ મળી કુલ રૂ. ૫૨૨/– સાથે મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ત.ક.અમલદારે રજુ કરેલ છે.

૨. આરોપી હાજર હોઈ તેઓને ફરિયાદની નકલ આપેલ અને ત્યારબાદ આરોપીને તેમના ગુન્હા સબબ પુછતા તેઓએ સ્વેચ્છાએ કબુલ કરવા માંગતા હોય તેમ જણાવી તેઓને ગુન્હો કબુલ છે તે મતલબની આરોપીએ આંક– થી ગુન્હાની કબુલાત કરતી પુરસીસ આપેલ.

૩. આરોપીનું નિવેદન આંક– થી નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ તેમના વિરુઘ્ઘનો ગુન્હો સ્વચ્છાએ કબુલ કરેલ છે.

૪. આરોપીએ આંક– થી કબુલાત પુરસીસ આપેલ છે જેમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને તેઓ કુટુબના એકમાત્ર કમાનાર વ્યકિત છે, જેથી ઓછી સજા કરવા જણાવેલ છે.

૫. આરોપીની કબુલાત પુરસીસની હકીકત ધ્યાનમાં લેતા તથા ફરીયાદની હકીકત જોતાં તથા ગુન્હામા સજાની જોગવાઈને લક્ષમાં લઈ આરોપીને જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**/// હુકમ ///**

આરોપી :– સંદીપકુમાર ધર્મેન્દ્રભાઈ ભોઈ, રહે. ભોઈવાડા, તા. ઈડર, જિ. સાબરકાંઠા નાઓને બી.એન.એસ. કલમ–૨૭૫ અન્વયે જુગાર ધારા કલમ– ૧૨(અ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી કેદની સજા તથા રૂ.૧૦૦/– નો દંડ ફરમાવવામા આવે છે. દંડ ની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ કેસમા કબજે લીધેલ મુદ્દામાલ પાવતીમા જણાવેલ રોકડ રકમ સરકાર ખાતે જમા કરાવવનો તથા બાકીનો મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ **તા. ૧૧ મી, માહે જુલાઈ, સને–૨૦૨૬** ના રોજ હુકમ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૧૧–૦૭–૨૦૨૬**
મુ. ઈડર.
**(લોકઅદાલત–સ્પેશીયલ સીટીંગ)**

**(ડો. એસ. ડી. કાપડીયા)**
એડી. ચીફ જ્યુડી. મેજી., ઈડર.
(જજ કોડ નં.જી.જે.૦૧૩૫૬)

દંડ રૂ........................
પાવતી નં..................
તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬ થી જમા લીધા.

**નાઝર**